| ચીફ કયુરેટર(એકવેરીયમ)<br>સુરત મહાનગરપાલિકા | | જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરીયમ,<br>પાલ–હજીરા રોડ, અડાજણ,<br>સુરત.–૩૯૫૦૦૯<br>ફોન નં. +91 63599 05093-94<br>e-mail : aquarium@suratmunicipal.org |
|---|---|---|

**ભાવપત્રક**

**Aquarium/Out/No.70**
**Date:- 21/08/2025**

**પ્રતિ,**

......................................

......................................

......................................

**વિષય :–** જગદીશચંદ્ર બોઝ મ્યુ. એકવેરીયમ ખાતે રાખવામાં આવેલ Turtles અને કોઈપુલમાં રાખવામાં આવેલ ફીશો માટે ખોરાક સપ્લાય કરવા બાબત. (બીજો પ્રયાસ)

**સંદર્ભ :–** શોર્ટ ટર્મ કવોટેશન નોટીસ નં.એડી.સીટી ઈજનેર(સીવીલ)/એકવેરીયમ/૦૨/૨૦૨૫–૨૬

**મહાશય,**

સવિનય સુરત મહાનગરપાલિકાના પાલ–હજીરા રોડ, અડાજણ ખાતે આવેલ જગદીશચંદ્ર બોઝ મ્યુ. એકવેરીયમ ખાતે રાખવામાં આવેલ Turtles અન કોઈપુલમાં રાખવામાં આવેલ ફીશો માટે ખોરાકની જરૂરીયાત હોય, જો આપશ્રી નીચે જણાવેલ બ્રાંડનું ખોરાકી આઈટમ રૂા.૨,૦૦,૦૦૦/– (અંકે બે લાખ રૂપિયા પુરા) ની મર્યાદામાં જરૂરીયાત મુજબ એકવેરીયમ ખાતે પુરો પાડવા સંમત હોય તો આપના ભાવ શરતોને આધિન ભરી ભાવપત્રક બંધ કવરમાં તા.૦૨/૦૯/૨૦૨૫ સુધીમાં "મુખ્ય હિસાબનીશશ્રી" સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત ખાતે મોકલવાનું રહેશે.

| અ.નં. | વિગત | Food Brand | ભાવ GST સહિત પ્રતિ કિ.ગ્રા. | |
|---|---|---|---|---|
| | | | રૂપિયામાં | શબ્દોમાં |
| ૧. | Turtle Food | JBL Hikari | | |
| | | Taiyo Premium | | |
| | | Ocean Free | | |
| ૨. | Fish Food | JBL Hikari | | |
| | | Taiyo Premium | | |
| | | Ocean Free | | |

**શરતો :–**

(૧) કવોટેશનની મુદત વર્ક ઓર્ડર આપ્યાની તારીખથી રૂા.૨,૦૦,૦૦૦/– ની મર્યાદા સુધી અથવા બીજુ કવોટેશન મંજુર ન થાય ત્યાં સુધીની રહેશે. કવોટેશનરે દરેક વસ્તુના ભાવ અલગ–અલગ આપવા. એક વસ્તુના એક કરતા વધારે ભાવ આપવા નહીં. સમગ્ર કવોટેશનમાં જણાવેલ જુદી–જુદી આઈટમના એક જ ભાવ અથવા શરતી કવોટેશન સ્વીકારવામાં આવશે નહીં.

(૨) કવોટેશનરે વિગતમાં જણાવેલ બ્રાંડનું જ Turtles અને ફીશ ફુડ સપ્લાય કરવાનું રહેશે.

(૩) ખુલ્લા બજારમાં વેચાણઅર્થે જોવા મળતા તમામ Turtles અને ફીશ ફુડ કવોટેશનરને ઓફિસર ઈનચાર્જ/ ફરજ પરના અધિકારીની સુચના મુજબ અચુક પુરા પાડવાના રહેશે. જે અંગે કોઈ કારણો સાંભળવામાં / ચલાવી લેવામાં આવશે નહિ.

(૪) એકવેરીયમ ખાતા તરફથી મંગાવવામાં આવતા/ જણાવવામાં આવતા Turtles અને ફીશ ફુડ કવોટેશનર સમયસર સ્થળ ઉપર પુરા પાડવામાં અસફળ/ અસક્ષમ રહેશે/ જણાશે તો કવોટેશનરના ખર્ચે અને જોખમે બજારમાંથી મળતા ભાવે માલ ખરીદ કરવામાં આવશે. જેના નાંણા જે તે માસના બીલમાંથી કાપી લેવામાં આવશે. વર્ષમાં આ પ્રમાણેના બનાવ વધુ વાર બનશે તો કવોટેશનની શરતોના ભંગ બદલ ડિપોઝીટની રકમ જપ્ત કરી, કવોટેશન રદ કરવામાં આવશે. આ બાબતે આખરી નિર્ણય સક્ષમ અધિકારીઓનો ગણાશે.

(૫) કુદરતી આપત્તિ, વાવાઝોડું, વરસાદી ઋતુ અને અન્ય કોઈ પ્રતિકુળ વાતાવરણ અને સંજોગો સર્જાય તે દરમિયાન વેપારી/એજન્સીએ ઓફિસર ઈનચાર્જ/ ફરજ પરના અધિકારી સાથે પરામર્શ કરી સુચવ્યા મુજબનું ફુડ જે તે સમયગાળા પુરતું સપ્લાય કરવાનું રહેશે.

(૬) ક્વોટેશનમાં જણાવેલ એક જ આઈટમના લોએસ્ટ ભાવ સ્વીકારવામાં આવશે નહીં, પરંતુ મંગાવેલ આઈટમોના ભાવો પૈકી મહત્તમ આઈટમોના ઓછા ભાવોને માન્ય ગણાશે. આમ સમગ્ર ભાવપત્રક એક જ એજન્સીને આપવામાં આવશે.

(૭) એજન્સી દ્વારા **<u>ક્વોટેશનમાં જણાવેલ વસ્તુના ભાવો ક્વોટેશનની ગેરકાયદેસર પ્રાપ્તી માટે મનસ્વી રીતે ખુબ જ ઓછા અથવા ખોટા ભાવો ભરવામાં આવશે તેવા ક્વોટેશનોને ઓફીસને મીસગાઈડ કરવા બદલ રદબાતલ ઠેરવવામાં આવશે.</u>**

(૮) ક્વોટેશન મંજુર થયેથી એક એજન્સીને વર્ક ઓર્ડર આપવામાં આવશે.

(૯) ક્વોટેશન મંજુર કરવુ કે ન કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

(૧૦) બીલનું ચુકવણું દર માસે એકવાર બીલ રજુ કર્યેથી કરવામાં આવશે.

(૧૧) તમામ ભાવ GST સહિતના આપવાના રહેશે.

(૧૨) એજન્સીએ બીલ રજુ કરતી વખતે GST નંબર અચૂક રજુ કરવાનો રહેશે.

(૧૩) એકવેરીયમ ખાતે રાખવામાં આવેલ Turtles અને કોઈપુલમાં રાખવામાં આવેલ વિવિધ જાતોની ફીશો માટે ખોરાક પુરા પાડવા અંગેનો ઈજારો રાખવાની ઈચ્છા ધરાવતા વેપારી/સંસ્થાએ બંધ કવર ઉપર કામનું નામ " જગદીશચંદ્ર બોઝ મ્યુ. એકવેરીયમ ખાતે રાખવામાં આવેલ Turtles અન કોઈપુલમાં રાખવામાં આવેલ ફીશો માટે ખોરાક સપ્લાય કરવા બાબત (બીજો પ્રયાસ)" જણાવી ભાવપત્રકને સીલબંધ કવરમાં અંતિમ તા.૦૨/૦૯/૨૦૨૫ ને સાંજે ૧૮:૦૦ કલાક સુધીમાં "મુખ્ય હિસાબનીશશ્રી" સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત ખાતે મોકલવાનું રહેશે.

(૧૪) ક્વોટેશનના કામ માટે રૂા.૨૦૦૦/– બાનાની રકમનો "મ્યુ.કમિશનરશ્રી, સુરત મ્યુનીસીપલ કોર્પોરેશન"ના નામનો નેશનાલાઈઝડ/ શીડયુઅલ બેંકના ડી.ડી. / પે–ઓર્ડર / બેંન્કર્સ ચેક, પેએબલ એટ સુરતનો બંધ કવરમાં ભરેલ ક્વોટેશન સાથે અચુક આપવાનો રહેશે. જે વિના ઓર્ડર રદબાતલ ગણવામાં આવશે.

(૧૫) ઈજારદારે ઓર્ડર પત્ર મળ્યાની તારીખથી દિન–૧૦ (દસ) માં પોતાના ખર્ચે કરારનામા, જામીનગીરી તથા અન્ડરટેકીંગ માટે રૂા. ૩૦૦/– વત્તા ૩૦૦/– વત્તા ૩૦૦/– પુરાની કિંમતના ગુજરાત રાજયના સ્ટેમ્પ પેપર લાવી કોન્ટ્રાકટ એગ્રીમેન્ટ કરી આપવાનો રહેશે.

(૧૬) વર્ક ઓર્ડરની રકમના ૨% પ્રમાણેની સિકયુરીટી ડીપોઝીટની રકમ રોકડા/ચેકથી જમા કરવાની રહેશે. જે સંતોષકારક કામગીરી પુરી થયેથી છુટી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૧૭) ક્વોટેશનમાં જણાવેલ ભાવો ક્વોટેશન ખોલ્યાની તારીખથી ૧૨૦ દિવસની મુદત માટે બંધનકર્તા રહેશે.

(૧૮) કામનો ઈજારો રૂા.૨,૦૦,૦૦૦/– ની મર્યાદા સુધી આપવામાં આવશે.

(૧૯) ઈજારદારે અગાઉ અન્ય કોઇ સરકારી/અર્ધસરકારી સંસ્થામાં આ પ્રકારનું કામ કરેલ હોય તો વર્ક ઓર્ડરની ખરી નકલ બિડવાની રહેશે. તેમજ કામગીરી સંતોષકારક કરેલ હોવાનું પ્રમાણપત્ર બિડવાનું રહેશે.

(૨૦) ક્વોટેશનર દ્વારા સીકયુરીટી ડિપોઝીટ ભરવામાં, કરારનામું કરવામાં અને સ્થળ ઉપર પ્રત્યક્ષ કામ વર્ક ઓર્ડર આપ્યેથી દિન–૧૦ માં ચાલુ ન કરે તો બાના પેટે ભરેલ રકમ જપ્ત કરવામાં આવશે.

(૨૧) ક્વોટેશનરે પાનકાર્ડ, આધાર નંબર, પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ અને જીએસટી સર્ટીફીકેટની નકલ પુરાવા ક્વોટેશન સાથે રજુ કરવાના રહેશે.

Sd/-

ચીફ કયુરેટર(એકવેરીયમ)
સુરત મહાનગરપાલિકા

ઈજારદારનું નામ :– ........................................

સહી અને સિકકા :–.......................................

તારીખ :–

# <u>ક્વોટેશનરની પ્રોફાઈલ અને ચેક લીસ્ટ</u>

| ક્રમ | વિગત | પૂર્તતા |
|---|---|---|
| ૧. | ક્વોટેશન રજુ કરનાર વ્યકિત/સંસ્થાનું પુરૂ નામ તેમજ કચેરીનું પોસ્ટલ એડ્રેસ | નામ :– ..................................................... <br> સરનામું :– ................................................ <br> ................................................ <br> ટેલીફોન નંબર :– ......................................... |
| ૨. | ક્વોટેશન રજુ કરનાર વ્યકિત/સંસ્થાના જવાબદાર હોદ્દેદારનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ તેમજ નમુનાની સહી | X .................................... |
| ૩. | રજુ કરવામાં આવેલ બાનાની રકમની વિગત | રકમ રૂા................................ <br> ડીમાન્ડ ડ્રાફટ/પે–ઓર્ડર નં......................... <br> ડીમાન્ડ ડ્રાફટ/પે–ઓર્ડર તા......................... <br> ઈસ્યુ કરનાર બેંક/શાખા............................ <br> .................................... <br> ઈસ્યુ કરનાર શાખાનો માઈકર નં.................. |
| ૪. | GST નંબર | |
| ૫. | આધાર કાર્ડ નંબર | |
| ૬. | પાનકાર્ડ | |

ભાવપત્રક ભરનાની સહી તથા સિકકો :– .............................................

તારીખ :–..........................................